# ઉદ્યોગકારોમાં ધીરૂભાઇ અંબાણી અને રાજકારણમાં નરેન્દ્ર મોદી મારા આદર્શ : પરિમલ નથવાણી

---

## લોકસભા ટી.વી. પરના ઇન્ટરવ્યુમાં ઝારખંડના રાજ્ય સભાના સાંસદ પરિમલ નથવાણીએ કરેલી નિખાલસ વાતો

---

## આપણા દેશમાં ઉદ્યોગપતિઓને જેટલું માન મળવું જોઇએ તેટલું નહિ મળતું હોવાનો વ્યક્ત કરેલો વસવસો

---

## જિંદગીમાં ખેડેલા સંઘર્ષોથી લઇને ઝારખંડમાં સાંસદ સુધીની કરેલી યાત્રાની વાતો

---

*‘અકેલા ચલો’ શીર્ષક હેઠળ લોકસભા ટી.વી. પર અપક્ષ સાંસદ સભ્યો અને એકલ-દોકલ સંસદ સભ્યોના વિચારો જાણવા માટે વિશિષ્ઠ ઈન્ટરવ્યુનાં કાર્યક્રમ યોજવામાં આવે છે. આ કાર્યક્રમ અંતર્ગત રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ગ્રુપ પ્રેસિડેન્ટ અને ઝારખંડથી રાજ્ય સભાના સાંસદ પરિમલ નથવાણીને વિસ્તુત ઈન્ટરવ્યુ લોકસભા ટી.વી. ઉપરથી શુક્રવાર તા. ૦૫-૦૩-૨૦૧૦ના રોજ રાત્રે ૯.૩૦ વાગ્યે પ્રસારિત કરાયો હતો. આ ઈન્ટરવ્યુમાં તેઓએ નિખાલસપણે એવું કહ્યું હતું કે ‘ઉદ્યોગકારોમાં ધીરૂભાઈ અંબાણી અને રાજકારણમાં નરેન્દ્ર મોદી મારા આદર્શ છે.’ આખા ઈન્ટરવ્યુ દરમ્યાન પરિમલ નથવાણીના જીવન, વ્યવસાય, ક્રિકેટ અને રાજકારણ સહિતના વિભિન્ન મુદ્દાઓને આવરી લઈને માર્મિક તથા નિખાલસ ચર્ચા કરાઈ હતી.*

*લોકસભા ટી.વી.ના એન્કર નિલાંજન મુખોપાધ્યાયે લીધેલા ઈન્ટરવ્યુમાં પરિમલ નથવાણીએ ઔદ્યોગિક બાબતના પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું હતું કે ‘જાપાન, અમેરિકા જેવા દેશોમાં સરકાર અને ઉદ્યોગપતિઓના સંબંધો ઘણા ઉચ્ચ હોય છે. આપણા દેશમાં જો કોઈ ઉદ્યોગપતિ કોઈ રાજનેતાને મળે તો તેનો જુદો અર્થ લેવાતો હોય છે. ખરેખર આપણે આ પ્રકારની માનસિકતામાંથી બહાર નીકળવું જોઈએ. જાપાન, અમેરિકા જેવા દેશોમાં બજેટ વખતે સરકાર ઉદ્યોગપતિઓને બોલાવી ચર્ચા કરે છે કે અમારે આટલી રેવન્યુની જરૂરિયાત છે તો તે રેવન્યુ ઉદ્યોગકારો કઈ રીતે સરકારને આપી શકશે, સાથે-સાથે ત્યાંની સરકાર ઉદ્યોગકારો પાસેથી ટેક્સ દ્વારા રેવન્યુ તો ઉઘરાવે જ છે, પરંતુ એ બાબતની કાળજી પણ રાખે છે કે તેમના ઉદ્યોગો દુનિયાની સાથે સ્પર્ધામાં ટકી રહે અને વધુને વધુ વિકસી શકે તેવી નીતિ પણ ઘડે છે.*

*વધુમાં તેઓએ જણાવ્યું હતું કે ‘ઈન્ડસ્ટ્રીઝ ક્ષેત્રે આજે પણ જાપાન દુનિયામાં સર્વોપરી છે. તેની પાછળનું કારણ ત્યાંના ઉદ્યોગોને સરકારનો આવા પ્રકારનો મજબૂત ટેકો હોય છે. ઉદ્યોગો જમીન પર જ ઉભા થતા હોય છે અને આપણા દેશમાં હજારો એકર જમીન ખરાબાની પડી છે જ્યાં કંઈ*

ઉગતું નથી. નવી જમીનો મેળવવામાં પણ ઉદ્યોગકારોને તકલીફ થતી હોય છે. તેનો વિરોધ પણ થતો હોય છે. ફોરેસ્ટની લેન્ડના નામે કે જ્યાં ફોરેસ્ટ વિભાગની જમીન હોય, પરંતુ કોઈ જંગલ હોતું નથી કે પછી ગોચરની જમીન હોય પણ ત્યાં ગાયો નથી હોતી, આવું હોવા છતાં પણ જમીનો ઉદ્યોગને આપવા વિરોધ પ્રદર્શિત થતો હોય છે. આપણે આ બાબતની માનસિકતા સુધારવી જોઈએ.' વિકાસના મુદ્દે પરિમલભાઈ નથવાણીએ જણાવ્યું હતું કે આપણે નરેન્દ્ર મોદીને વારે-ઘડીએ ગોધરા સાથે જોડીને તેમનું વિકાસ માટેનું જે પ્રદાન છે તેને ભૂલી જતા હોઈએ છીએ જે યોગ્ય નથી. દેશના આર્થિક, ઔદ્યોગિક વિકાસમાં ધીરૂભાઈ અંબાણીનું પ્રદાન પણ ખૂબ જ મોટું છે અને તેને જે પ્રકારનું સન્માન મળવું જોઈતું હતું તે આપણે આપી શક્યા નથી જે દુઃખદ બાબત છે. ઉદ્યોગકારોમાં ધીરૂભાઈ અંબાણી અને રાજકારણમાં નરેન્દ્ર મોદી મારા માટે આદર્શ રહ્યા છે.

જીવન વિશેના કેટલાક પ્રશ્નોના ઉત્તરમાં પરિમલ નથવાણીએ એવું જણાવ્યું હતું કે 'જામનગરમાં રિલાયન્સ રિફાઈનરીના પ્રોજેક્ટ માટે જમીન સંપાદનના કાર્યોમાં તેમના કઝીન મનોજભાઈ મોદીના કહેવાથી તેઓ મહાન ઉદ્યોગપતિ ધીરૂભાઈ અંબાણીને મળ્યા હતા. બાદમાં ધીરૂભાઈ તથા મૂકેશભાઈની રાહબરી હેઠળ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝમાં જમીન સંપાદન ઉપરાંત પેટ્રોલ પંપો ઊભા કરવા, આંધ્ર પ્રદેશના કાકીનાડાથી જામનગર  સુધીની ગેસ પાઈપલાઈન બિછાવવા સ્થાનિક સ્થળે ગ્રામજનો તથા ખેડૂતો સાથે ઘનિષ્ઠ સંપર્કો કરવા જેવી અનેક કામગીરી સફળતાપૂર્વક બજાવી છે.'

નોકરી જેવા મુદ્દા પરના  પ્રશ્નમાં જણાવ્યું હતું કે 'રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝમાં જોડાયા અગાઉ પોતાનું બાળપણ અને ભણતર મુંબઈમાં રહીને વિતાવ્યું હોવાથી તેઓ નાનપણથી જ ભણતાં-ભણતાં નોકરી કરવા નહીં, પરંતુ પોતાનો વ્યવસાય ઉભો કરવાનો તથા ક્રિકેટ રમવાનો શોખ ધરાવતા હતા. કોટક પરિવારની વ્યવસાયિક માતબર પેઢી તેમના ખૂબજ નજીકના સગાની હોવા છતાં પણ જાતે પગભર થવાની ઘેલછાએ તેમણે થમ્સ અપની ડિસ્ટ્રીબ્યુટર શીપ અને સાબુની એજન્સી જેવા વ્યવસાયમાં ઝંપલાવ્યું હતું.'

વ્યવસાયમાં જોખમ લેવાની અને ખૂબ જ કમાવાની તાલાવેલીમાં હર્ષદ મહેતાના સમયમાં એક જ દિવસમાં શેર બજારમાં રૂા. ૪૦ લાખની ખોટ કરી હતી. તે તેમના જીવનનો જબરદસ્ત મોટો આઘાત હતો, પરંતુ ઘર-પરિવાર સહિત અનેક લોકોના સાથ-સહકારથી તેમાંથી ઉગરી ગયા બાદ તેઓએ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝનું કામ સંભાળ્યું હતું એવી નિખાલસ વાત પણ કબૂલતાં કહ્યું હતું કે : એ વખતે તેમની પાસે વડોદરા સ્ટોક એક્સચેન્જમાં બ્રોકરશીપનું કાર્ડ હતું.

રાજકારણમાં તેમના પ્રવેશ વિશે પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં પરિમલ નથવાણીએ જવાબ આપ્યો હતો કે સ્કૂલ-કોલેજના સમયથી તેમને ક્રિકેટની સાથે—સાથે રાજકારણમાં જોડાવાનો પણ શોખ હતો. મુંબઈના વસવાટ દરમિયાન ત્યાના મ્યુનિસિપલ વોર્ડમાં તેઓ નાગરિકોની સુવિધા માટેનું કામ સંભાળતા હતા. રાજકારણના શોખને લીધે એક વખત વિધાનસભાની ચૂંટણીમાં ખંભાળિયા બેઠક પરથી અપક્ષ ઉમેદવાર તરીકે નોમિનેશન ફોર્મ પણ ભર્યું હતું. ફોર્મ ભરવા એક હજાર ટેકેદારો સાથે

લઈ ગયા હતા, પરંતુ પાછળથી રાજકીય પક્ષોના દબાણને વશ થઈને બધા ટેકેદારો વિખેરાઈ જતાં તેમણે ફોર્મ પાછુ ખેંચી લીધું હતું.

સંસદમાં જવા માટે ઝારખંડ કેમ પસંદ કર્યું આના ઉત્તરમાં તેઓએ જણાવ્યું હતું કે 'ગુજરાતમાં પણ બે જ મુખ્ય પક્ષો છે અને હું ગુજરાતમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના વ્યવસાય સાથે જોડાયેલો હોવાથી મારે એવી જગ્યાએથી તક જોઈતી હતી કે જ્યાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના કોઈ મોટા વ્યવસાયિક હિતો ન હોય અને મારા રાજકારણનો કોઈ ખોટો અર્થ પણ ન કાઢે'. આ ઉત્તરના પેટા પ્રશ્નમાં એવું પૂછાયું કે ઝારખંડ ગુજરાતથી દૂર અને અજાણ્યું રાજ્ય હોવા છતાં આપ કઈ રીતે ચૂંટાઈ શક્યા. તો તેના ઉત્તરમાં પરિમલ નથવાણીએ નિખાલસપણે કબૂલતા કહ્યું કે 'ઝારખંડની ચૂંટણી માત્ર બાવીસ દિવસ ત્યાં રહીને મેં જીતી છે. શરૂઆતમાં મારો 'બાહર કા આદમી' તરીકે ખૂબ જ વિરોધ થયો, પરંતુ જ્યારે મેં સમજાવ્યું કે હું ઝારખંડ માટે કંઈક કરવા માગું છું અને તે માટે મારે તક જોઈએ છે ત્યારે ધીમે-ધીમે લોકોને મારી વાત સમજાઈ અને ત્યાંના લોકસભાના સભ્ય ટેકલાલ મહતો તેમજ ગુરૂજી એટલે કે શિબુ સોરેન જેવા રાજનેતાઓની મદદ મળતા હું મારા પ્રતિસ્પર્ધી અને ખૂબ જાણીતા વિદ્વાન વકીલ આર.કે. આનંદ સામે વિજેતા થયો.'

આ તકે તેઓએ એવી સ્પષ્ટતા કરી કે રાજ્ય સભામાં નોમિનેશન માટે જરૂરી ટેકેદાર વિધાનસભ્યો કરતાં વધુ વિધાનસભ્યોનો મને ટેકો મળ્યો હતો અને 'સેકન્ડ પ્રેફરન્સ' ના મતોથી ખૂબજ રસાકસી વચ્ચે હું વિજેતા બન્યો હતો.

ઝારખંડમાં આપ શું કરવા ઈચ્છો છો એવા પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું હતું કે 'કદાચ ઝારખંડમાં હું પહેલો સંસદ સભ્ય છું કે જેણે ચૂંટાયા પછી તુરત જ પોતાની ઓફીસ ઝારખંડમાં ખોલી હોય. સંસદ સભ્યોને લોકોના કાર્ય માટે મળતી ગ્રાન્ટ હેઠળ કામગીરી શરૂ કરી દીધી છે. નામકુમ નામના આદિવાસી વિસ્તારમાં શાળાના ઓરડાઓ, ફૂટબોલના મેદાનો, પાણીની સુવિધા, પૂલ વિગેરેના કાર્યો હાથ ધરાયા છે. એટલું જ નહિ મારા પોતાના ખર્ચે મેં રાંચી શહેરની અંદર ગરીબ વસતીઓમાં કામ શરૂ કર્યું છે જેમાં મુંબઈની ધારાવી જેવા રાંચીના ઈસ્લામનગર વિસ્તારમાં પાણી, લેટરીંગ, સાફ-સફાઈ જેવી કોઈ વ્યવસ્થા નથી એ વિસ્તારને મેં એડોપ્ટ કરીને ત્યાં પાણીના નળ, સાફ-સફાઈ, પબ્લીક લેટરીંગ, બગીચા વેગેરે સુવિધાઓ ઉભી કરી છે. રાંચી મ્યુનિસિપલ કોર્પોરેશનની એક જર્જરિત હોસ્પિટલનું પુનઃનિર્માણ કાર્ય પણ સ્વખર્ચે હાથ ધરાયાનું પરિમલભાઈ નથવાણીએ ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું.' તેમણે કહ્યું કે ઝારખંડ હજુ નવું નવું રાજ્ય બન્યું છે, ગાંધીનગર કે ચંદીગઢ જેવી નવી રાજધાની બનવી જોઈએ અને 'બિરસા મુંડા નગર' જેવું નામ તેને આપવું જોઈએ.

શ્રી પરિમલ નથવાણીનો લોકસભા ટી.વી. ઉપરનો આ ઈન્ટરવ્યુ તા. ૬ માર્ચ ૨૦૧૦ શનિવારના રોજ સવારે ૮:૩૦ વાગે પુનઃપ્રસારિત પણ થયો હતો.

★ ★ ★